


<u>પ્રથમ અને દ્વિતીય સત્ર માટે</u>

# માસવાર અભ્યાસક્રમ

## (વાર્ષિક આયોજન)

## સિનિયર કે. જી.



અભિપ્રાય અને ભલામણ અર્થે નમૂનાપ્રત

NAVNEET®

નવનીત એજ્યુકેશન લિમિટેડ

નવનીત હાઉસ, ગુરુકુળ રોડ, મેમનગર,
અમદાવાદ – ૩૮૦ ૦૫૨
ફોન : ૬૬૩૦ ૫૦૦૦

N 2002

કિંમત : ₹ ૨૦.૦૦

# વિકાસ મૂલ્યાંકન યોજના : જુનિ.થી 5

## પ્રથમ અને દ્વિતીય સત્ર માટે

| વિષયો ☛ / ધોરણ ☛ | મુખ્ય જુનિ./સિનિ. | મુખ્ય 1થી 5 | હિન્દી 1થી 4 | English 1થી 4 | કમ્પ્યૂટર 4 અને 5 | સા. જ્ઞાન 1થી 5 |
|---|---|---|---|---|---|---|
| ઔપચારિક લેખિત મૂલ્યાંકન | 40 | 40 | 40 | 40 | 40 | 40 |
| અનૌપચારિક મૂલ્યાંકન | – | 40 | – | – | – | – |
| આંતરિક / પ્રૅક્ટિકલ | 10 | 20 | 10 | 10 | 10 | 10 |
| કુલ ગુણ | **50** | **100** | **50** | **50** | **50** | **50** |

## દ્વિતીય સત્ર માટે

| વિષયો ☛ / ધોરણ ☛ | ચિત્રકલા જુનિ./સિનિ. | ચિત્રકલા 1થી 5 | કમ્પ્યૂટર 1થી 3 |
|---|---|---|---|
| ઔપચારિક લેખિત મૂલ્યાંકન | 40 | 80 | 25 |
| અનૌપચારિક મૂલ્યાંકન | – | – | – |
| આંતરિક / પ્રૅક્ટિકલ | 10 | 20 | 25 |
| કુલ ગુણ | **50** | **100** | **50** |

| | |
|---|---|
| પૂરક મૂલ્યાંકન 1 અને 2 (40 – 40 માર્ક્સ) | ☛ મુખ્ય વિષયો : ધોરણ 1થી 5<br>☛ હિન્દી અને English : ધોરણ 1થી 4<br>☛ ગુજરાતી, ગણિત, સામાન્ય જ્ઞાન અને અંગ્રેજી : જુ. કે. જી. અને સિ. કે. જી.(20 – 20 માર્ક્સ) |

## અભ્યાસક્રમ

☛ **પૂરક મૂલ્યાંકન 1 : ઑગસ્ટ, 2018 :** જૂન '18 અને જુલાઈ '18નો રહેશે.

☛ **મૂલ્યાંકન – પ્રથમ સત્ર : ઑક્ટોબર, 2018 :** જૂન '18થી ઑક્ટોબર '18 સુધીનો રહેશે.

☛ **પૂરક મૂલ્યાંકન 2 : ફેબ્રુઆરી, 2019 :** નવેમ્બર '18થી જાન્યુઆરી '19નો રહેશે.

☛ **મૂલ્યાંકન – દ્વિતીય સત્ર : એપ્રિલ, 2019 :** નવેમ્બર '18થી એપ્રિલ '19 સુધીનો રહેશે.

☛ **ચિત્રકલા :** જુનિ. કે. જી.થી ધોરણ 5 અને **કમ્પ્યૂટર :** ધોરણ 1થી 3માં માત્ર દ્વિતીય સત્રમાં લેખિત મૂલ્યાંકન કરવાનું હોવાથી તેમાં સંપૂર્ણ અભ્યાસક્રમ રહેશે.

સંચાલકશ્રી, આચાર્યશ્રી, શિક્ષકમિત્રો અને વાલીમિત્રો,

**જોગ નમ્ર નિવેદન ...**

હરીફાઈના સાંપ્રત યુગમાં બાળકોને શાળામાં – ખાસ કરીને બાળમંદિરમાં દાખલ કરતાંની સાથે જ વાલીઓની શાળા અને શિક્ષકો પાસેથી અપેક્ષા ઘણી વધી જાય છે. સામાન્ય સમજ એવી પ્રવર્તે છે કે બાળક શાળાએ જતું થાય એટલે બીજા જ મહિનાથી એને લખતાં-વાંચતાં આવડવું જ જોઈએ. પરંતુ, હાલના સંજોગોમાં શિક્ષકો અને ખાસ કરીને વાલીઓએ એક વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે અગાઉ મોટે ભાગે બાળક પાંચ વર્ષ પૂરા કરે પછી એને સીધો ધોરણ ૧માં પ્રવેશ મળતો. બાળમંદિરમાં બાળકને દાખલ કરવાની પ્રથા આજના વાલીઓ જ્યારે વિદ્યાર્થી હતા ત્યારે આટલી પ્રચલિત ન હતી. જ્યારે હવે, બાળમંદિર તો ખરું જ! પરંતુ, તેમાં પણ નર્સરી, જુનિયર કે. જી. અને સિનિયર કે. જી. એમ ત્રણ વિભાગ છે અને તેથી જ કુમળી વયે બાળમંદિરમાં દાખલ થતા બાળકના સ્નાયુઓને કેળવવાની અને ત્યારબાદ જ અંક જ્ઞાન અને અક્ષર જ્ઞાનની સમજ આપવી જરૂરી છે. બાળકના સર્વાંગી વિકાસ માટે જરૂરી કેટલીક મહત્ત્વની બાબતોનો આ અભ્યાસક્રમમાં સમાવવાનો અમે સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે તથા અમને ખાતરી છે કે આ અભ્યાસક્રમમાં આપેલા ક્રમ મુજબ તબક્કાવાર શિક્ષણ જો બાળકને આપવામાં આવશે તો બાળક ફક્ત હોશિયાર વિદ્યાર્થી જ નહિ, પરંતુ ભવિષ્યમાં એક સમજદાર નાગરિક પણ બની રહેશે.

ત્રણ કે સાડા ત્રણ વર્ષની ઉંમરે માતાના સાડલાનો પાલવ છોડીને સૌ-પ્રથમ વાર બાળક બહારની દુનિયામાં અર્થાત્ બાળમંદિરમાં એકલું પગ માંડે છે. ત્યારે આપણી (બાળમંદિરનાં શિક્ષિકા બહેનોની) ફરજ બને છે કે તેને હૂંફ અને પ્રેમ મળે તેવું વાતાવરણ પૂરું પાડીએ. અભ્યાસની પૂર્વતૈયારીરૂપે બાળકો પાસે એવી પ્રવૃત્તિઓ કરાવીએ કે જેના દ્વારા તેનો શારીરિક અને માનસિક વિકાસ તો થાય જ – પરંતુ સાથોસાથ ગતિપ્રેરક સ્નાયુઓનો પણ વિકાસ થાય. બાળક શાળામાં દાખલ થાય ત્યારે પહેલા જ દિવસથી તેને સીધેસીધું અંક જ્ઞાન કે અક્ષર જ્ઞાન આપી ભણાવી દેવાને બદલે તેને આનંદ મળે તેવી વિવિધ રમતો અને પ્રવૃત્તિઓ કરાવીએ અને બીજા દિવસે પણ બાળક પોતાની મેળે જ શાળામાં આવવા પ્રેરાય તેવું વાતાવરણ પૂરું પાડીએ.

**આ માટે નીચેની બાબતો વિચારી શકાય :**

- બાળકોના નાના અને મોટા સ્નાયુઓ સુગઠિત થાય.
- આપણા સૂક્ષ્મ અવલોકન હેઠળ હેતુપૂર્ણ હલનચલનની રમતો રમાડી શકાય, જેના દ્વારા બાળકોની દબાયેલી વૃત્તિઓને મોકળાશ મળે.

- બાળકોમાં સ્વાવલંબન, માનસિક એકાગ્રતા અને સ્થિરતા કેળવાય.
- બાળકોને શારીરિક વિકાસથી શરૂ કરી બૌદ્ધિક વિકાસ તરફ લઈ જઈએ.

ઉપર્યુક્ત તમામ બાબતો અથવા હેતુ પરિપૂર્ણ કરવા બાળકોને નીચે મુજબની પ્રવૃત્તિઓમાં સાંકળી શકાય :

- બાળકોને શરૂઆતમાં પોતાના વર્ગખંડ, પાણી પીવાની જગ્યા, પેશાબની જગ્યા, રમતનું મેદાન, પ્રાર્થના ખંડ, શાળાનું કાર્યાલય વગેરે જેવી જગ્યાઓથી માહિતગાર કરવા.
- બાળકોને નીચેની પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત કરવાં.

દા. ત., ચાલવું, દોડવું, કૂદવું, ફેંકવું, પકડવું, બેસવું, ઊભા થવું, ગગડાવવું, ખેંચવું, સમતોલન જાળવવું, ઊંચકવું, હીંચકવું, લપસવું, લટકવું વગેરે.

બાળકો પાસે ઉપર્યુક્ત પ્રવૃત્તિઓ કરાવ્યા બાદ બીજા તબક્કામાં નીચે દર્શાવેલી પ્રવૃત્તિઓ કરાવી શકાય :

- માટીકામ, પરોવવું, ખાંડવું, ભરવું, ખોલવું, બંધ કરવું, ચાળવું, વીણવું, ગોઠવવું વગેરે.

ઉપર દર્શાવેલી તમામ પ્રવૃત્તિઓ બાળકના નાના સ્નાયુઓના વિકાસ તથા તેમની તર્કશક્તિ વધારવામાં મદદરૂપ નિવડશે. ત્યારબાદ નાના સ્નાયુઓના વિકાસ અને બાળકોના બૌદ્ધિક વિકાસમાં નીચે દર્શાવેલી તમામ પ્રવૃત્તિઓ ઉપયોગી થશે :

- પુસ્તકનાં પાન ફેરવવાં, ભરત-ગૂંથણ, કાગળ વાળવા, કાગળ ફાડવા, ગોળી વાળવી, સાદી પેટર્નનું લેખન, ચૉકકામ, રંગકામ, છાપકામ, ચીટકકામ, ચિત્રકામ વગેરે.

ઉપર્યુક્ત તમામ પ્રવૃત્તિઓ કરાવ્યા બાદ બાળક જ્ઞાનલક્ષી વિકાસ માટે પૂરેપૂરું સક્ષમ બને છે. હવે બાળકની યાદશક્તિ અને અવલોકન શક્તિ વિકસે, બાળકમાં વર્ગીકરણ કરવાની કુશળતા કેળવાય, બાળકની વિચાર કરવાની શક્તિ વિકસે, બાળકમાં સમસ્યાઓનું નિરાકરણ કરવાની શક્તિનો અને તર્કશક્તિનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ. જે માટે ઓળખ, સમાનતા, વર્ગીકરણ, પૂરક જોડી, જુદું પાડવું, ક્રમમાં ગોઠવવું, શું ખૂટે છે?, શું ખોટું છે? – જેવી પ્રવૃત્તિઓ યોગ્ય ગણાય. ઉપરાંત, બાળકોની દશ્યેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય, કર્ણેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને સ્વાદેન્દ્રિયની શક્તિઓ વિકસે તેવી પ્રવૃત્તિઓ પણ કરાવવી જોઈએ.

આ બધી ઇન્દ્રિયોના વિકાસ માટે જુદી જુદી ઘણી પ્રવૃત્તિઓ માસવાર અભ્યાસક્રમ આયોજનમાં ક્રમશઃ દર્શાવી છે. પરંતુ, ખાસ 'કર્ણેન્દ્રિય'ના વિકાસ માટે બાળકોને સંગીતમય જોડકણાં અને બાળગીતો સંભળાવવાં, ગવડાવવાં હિતાવહ છે. અત્યાર સુધી પેઢી દર પેઢી કંઠસ્થ રીતે સચવાયેલાં આવાં જોડકણાં અને બાળગીતો બાળકોને સાંભળવા ગમે અને મજા પડે તેવા સ્વર અને સંગીત સાથે અમે 'ઑડિઓ કૅસેટ્સ'ની શ્રેણીમાં મૂક્યાં છે. ઉપરાંત, આ બાળગીતો અને જોડકણાંની ઑડિઓ કૅસેટ્સમાં બાળકોની વય કક્ષાને ધ્યાનમાં લઈ English અને हिन्दी ભાષાનાં સરળ બાળગીતોનો પણ સમાવેશ કર્યો છે. સાંપ્રત સમયની જરૂરિયાતને ધ્યાનમાં લેતાં આંતરરાષ્ટ્રીય ભાષા – English અને રાષ્ટ્રભાષા – हिन्दीનું પ્રાથમિક જ્ઞાન દરેક બાળક માટે અનિવાર્ય છે. કારણ કે, હવેની પેઢીને રોજબરોજનાં કાર્યોમાં પણ Computerનો ઉપયોગ કરવો જ પડશે તથા Computerની Command-Language English હોવાના કારણે તેનું પ્રાથમિક જ્ઞાન અથવા પરિચય જો બાળકને નાનપણથી જ મળે તો ભવિષ્યમાં ભાષાને આત્મસાત્ કરવી બાળક માટે સરળ રહેશે. બલ્કે, સરકારશ્રી પણ આ દિશામાં સક્રિય છે. જુદી જુદી ભાષાના શબ્દોથી બાળકને પરિચિત કરવાનો કદાચ આ સૌથી સરળ અને સંગીતમય રસ્તો છે. ટૂંકમાં, હવે સમયની સાથે ચાલવા માટે બાળકને નાનપણથી જ ગુજરાતી, हिन्दी અને English ભાષાનો પરિચય કરાવવો જરૂરી છે અને સાથોસાથ તેની કર્ણેન્દ્રિયના વિકાસ ઉપરાંત ભાષાની સમજ, શુદ્ધ ઉચ્ચારો કરવાની ક્ષમતા, તર્કશક્તિ એમ ઘણાં પાસાં વિકસે છે.

ઉપર્યુક્ત તમામ પ્રવૃત્તિઓ બાળકો પાસે કરાવ્યા બાદ તેમની લાગણીનો વિકાસ થાય તથા સામાજિક સમજો કેળવાય તે માટે પણ વિચારવું જોઈએ. આ માટે નીચે દર્શાવેલી બાબતો અંગે વિચારી શકાય :

- બાળકો પોતાની મૌખિક રજૂઆત સરળતાથી કરી શકે.
- પોતાની ઇચ્છા વિરુદ્ધનું કંઈક બને ત્યારે સહજ વર્તન કરી શકે.
- બાળક પોતાના વ્યક્તિત્વની ઓળખ કરાવી શકે તથા સ્વતંત્ર બની શકે.
- અન્ય બાળકો સાથે સારા સંબંધો કેળવી શકે.
- અન્યની લાગણીઓ, જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ બની શકે.
- જૂથમાં રહીને સહિષ્ણુ, વિવેકી અને સહયોગી બની શકે.
- ખેલદિલીપૂર્વક રમતો રમીને પોતાના વારાની રાહ જોઈ શકે, ધીરજ કેળવી શકે.

- શિક્ષક દ્વારા અપાતી સૂચનાઓ તથા વાતો ધ્યાનથી સાંભળી શકે.

**આગળ આપેલી તમામ બાબતો બાળક માટે સહજ સ્વીકૃત બને તે માટે નીચેની પ્રવૃત્તિઓનું આયોજન કરવું જરૂરી છે :**

- વિવિધ બૉક્સની રમતો
- રેતીની રમતો
- પાણીની રમતો
- બાગકામ
- વર્ગની અંદરની અને વર્ગ બહારની રમતો
- કુદરતી પ્રવાસો
- સંગીતની વિવિધ પ્રવૃત્તિઓ
- ઢીંગલી ઘરની રમતો
- દરેક તહેવારોની ઉજવણી

ઉપર્યુક્ત તમામ પ્રવૃત્તિઓ બાળકો પાસે કરાવ્યા બાદ હવે બાળક ભાષાના વિકાસ માટે સક્ષમ બને છે – અક્ષર જ્ઞાનની શરૂઆત કરાવવા માટે બાળકમાં શ્રવણ કૌશલ્ય વિકસાવવું જરૂરી છે. ઉપરાંત, સૂચનાઓની આપ-લે કરવાની ટેવ કેળવવી તથા તેના વાંચન માટે અવલોકનશક્તિ વિકસાવવી જરૂરી બને છે. તે માટે બાળકો વર્ગમાં જુદા જુદા ચાર્ટ્સનું અવલોકન કરે, બાળગીતો ગાય અને સાંભળે, વાર્તાઓ સાંભળે, ઉંમરને અનુરૂપ બાળનાટકો દ્વારા સંવાદો બોલે અથવા સાંભળે તે અત્યંત જરૂરી છે.

આપના બાળમંદિરનાં બાળકો પાસે ભણવાની અર્થાત્ અંકલેખન અને અક્ષરલેખનની શરૂઆત કરાવતાં પહેલાં જો ઉપર્યુક્ત પ્રવૃત્તિઓમાં તેમને રસ પડે – મજા પડે તેવી રીતે કરાવવામાં આવે તો બાળક ભણતરની શરૂઆત ખૂબ જ રસપૂર્વક અને સહજ રીતે કરશે તથા દરરોજ શાળાએ જવાની જીદ કરશે અને એક વાર બાળક નિયમિત શાળામાં આવી દરેક પ્રવૃત્તિઓમાં રસ લેતું થાય તો તેનું પરિણામ શું આવે તેની વિસ્તૃત ચર્ચા કરવાની જરૂર ખરી?

# માસવાર અભ્યાસક્રમ (વાર્ષિક આયોજન)

## સિનિયર કે. જી.

**નોંધ :** પ્રથમ સત્રનું લેખિત મૂલ્યાંકન સપ્ટેમ્બર અથવા ઑક્ટોબર માસમાં આવતું હોવાથી એ મુજબ અભ્યાસક્રમ પૂર્ણ કરવા વિનંતી.

* **પ્રથમ સત્ર :** જૂનથી ઑક્ટોબર સુધી * **દ્વિતીય સત્ર :** નવેમ્બરથી એપ્રિલ સુધી

## ૧. ભાષા

### જૂન

- ગુજરાતી મૂળાક્ષરો(સ્વર-વ્યંજન-જોડાક્ષર-બારાક્ષરી)ની સમજ, વાંચન અને લેખન • 'અ'ની સમજ, વાંચન અને લેખન • શબ્દોનું શ્રુતલેખન
- સાદા શબ્દોનું વાંચન અને લેખન • વાક્યોનું વાંચન અને લેખન
- ચિત્રો જુઓ, વાંચો અને લખો. • ચિત્ર ઓળખી ખાનાં પૂરો.
- ચિત્ર જોઈ શબ્દ બનાવો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતો શબ્દ શોધી ☑ કરો.
- શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.
- ચિત્ર જોઈ શબ્દો બનાવો અને લખો.
- તીરની દિશામાં વાંચીને શબ્દો બનાવો. • આડાંઊભાં ખાનાં પૂરો.
- ☐માં લખેલા અક્ષર જેવો અક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ખાલી જગ્યામાં ખૂટતા અક્ષર લખો. • સરખા અક્ષર જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૩થી ૭)

### જુલાઈ

- 'આ' અને 'ઇ'ની સમજ, વાંચન અને લેખન
- શબ્દોનું શ્રુતલેખન
- કાનાવાળા અને હ્રસ્વ 'ઇ'વાળા શબ્દોનું વાંચન અને લેખન
- ચિત્ર ઓળખી ખાનાં પૂરો. • ચિત્ર જોઈ શબ્દ બનાવો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતો શબ્દ શોધી ☑ કરો.
- શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

- ચિત્ર જોઈ શબ્દો બનાવો અને લખો.
- વાક્યોનું વાંચન અને લેખન
- આડાંઊભાં ખાનાં પૂરો.
- ચિત્રો જુઓ, વાંચો અને લખો.
- તીરની દિશામાં વાંચીને શબ્દો બનાવો.
- □માં લખેલા અક્ષર જેવો અક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ખાલી જગ્યામાં ખૂટતા અક્ષર લખો.
- સરખા અક્ષર જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૮થી ૧૫)

## ઑગસ્ટ

- 'ઈ'ની સમજ, વાંચન અને લેખન
- દીર્ઘ 'ઈ'વાળા શબ્દોનું વાંચન અને લેખન
- વાક્યોનું વાંચન અને લેખન
- શબ્દોનું શ્રુતલેખન
- ચિત્રો જુઓ, વાંચો અને લખો.
- તીરની દિશામાં વાંચીને શબ્દો બનાવો.
- ચિત્ર ઓળખી ખાનાં પૂરો.
- ચિત્ર જોઈ શબ્દ બનાવો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતો શબ્દ શોધી ☑ કરો.
- શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.
- ચિત્ર જોઈ શબ્દો બનાવો અને લખો.
- □માં લખેલા અક્ષર જેવો અક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ખાલી જગ્યામાં ખૂટતા અક્ષર લખો.
- આડાંઊભાં ખાનાં પૂરો.
- આડાઅવળા અક્ષરો બરાબર ગોઠવી સાચા શબ્દો લખો.
- નમૂના પ્રમાણે શબ્દો બનાવો અને લખો.
- સરખા અક્ષર જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૧૬થી ૧૯)

## સપ્ટેમ્બર

- 'ઉ'ની સમજ, વાંચન અને લેખન
- હ્રસ્વ 'ઉ'વાળા શબ્દોનું વાંચન અને લેખન
- પુનરાવર્તન ૧
- વાક્યોનું વાંચન અને લેખન
- શબ્દોનું શ્રુતલેખન
- ચિત્ર ઓળખી ખાનાં પૂરો.
- ચિત્ર જોઈ શબ્દ બનાવો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતો શબ્દ શોધી ☑ કરો.
- શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.
- ચિત્ર જોઈ શબ્દો બનાવો અને લખો.
- ચિત્રો જુઓ, વાંચો અને લખો.
- તીરની દિશામાં વાંચીને શબ્દો બનાવો.

- ☐માં લખેલા અક્ષર જેવો અક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ખાલી જગ્યામાં ખૂટતા અક્ષર લખો. • આડાંઊભાં ખાનાં પૂરો.
- આડાઅવળા અક્ષરો બરાબર ગોઠવી સાચા શબ્દો લખો.
- નમૂના પ્રમાણે શબ્દો બનાવો અને લખો. • સરખા અક્ષર જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૨૦થી ૨૭)

## ઑક્ટોબર

**પુનરાવર્તન**

## નવેમ્બર

- ‘ઊ’ની સમજ, વાંચન અને લેખન • દીર્ઘ ‘ઊ’વાળા શબ્દોનું વાંચન અને લેખન
- વાક્યોનું વાંચન અને લેખન • શબ્દોનું શ્રુતલેખન
- ચિત્રો જુઓ, વાંચો અને લખો. • તીરની દિશામાં વાંચીને શબ્દો બનાવો.
- ચિત્ર ઓળખી ખાનાં પૂરો.
- ચિત્ર જોઈ શબ્દ બનાવો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતો શબ્દ શોધી ☑ કરો.
- શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.
- ચિત્ર જોઈ શબ્દો બનાવો અને લખો.
- ☐માં લખેલા અક્ષર જેવો અક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ખાલી જગ્યામાં ખૂટતા અક્ષર લખો. • આડાંઊભાં ખાનાં પૂરો.
- આડાઅવળા અક્ષરો બરાબર ગોઠવી સાચા શબ્દો લખો.
- નમૂના પ્રમાણે શબ્દો બનાવો અને લખો. • સરખા અક્ષર જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૨૮થી ૩૧)

## ડિસેમ્બર

- ‘ઋ’ની સમજ, વાંચન અને લેખન • ‘ઋ’વાળા શબ્દોનું વાંચન અને લેખન
- વાક્યોનું વાંચન અને લેખન • શબ્દોનું શ્રુતલેખન
- ચિત્રો જુઓ, વાંચો અને લખો. • તીરની દિશામાં વાંચીને શબ્દો બનાવો.
- ચિત્ર ઓળખી ખાનાં પૂરો.

- ચિત્ર જોઈ શબ્દ બનાવો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતો શબ્દ શોધી ☑ કરો.
- શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.
- ચિત્ર જોઈ શબ્દો બનાવો અને લખો.
- ☐માં લખેલા અક્ષર જેવો અક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ખાલી જગ્યામાં ખૂટતા અક્ષર લખો. • આડાંઊભાં ખાનાં પૂરો.
- સરખા અક્ષર જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૩૨થી ૩૫)

## જાન્યુઆરી

- 'એ' અને 'ઐ'ની સમજ, વાંચન અને લેખન
- એક અને બે માત્રાવાળા શબ્દોનું વાંચન અને લેખન
- વાક્યોનું વાંચન અને લેખન • શબ્દોનું શ્રુતલેખન
- ચિત્રો જુઓ, વાંચો અને લખો. • તીરની દિશામાં વાંચીને શબ્દો બનાવો.
- ચિત્ર ઓળખી ખાનાં પૂરો.
- ચિત્ર જોઈ શબ્દ બનાવો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતો શબ્દ શોધી ☑ કરો.
- શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.
- ચિત્ર જોઈ શબ્દો બનાવો અને લખો.
- ☐માં લખેલા અક્ષર જેવો અક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ખાલી જગ્યામાં ખૂટતા અક્ષર લખો. • આડાંઊભાં ખાનાં પૂરો.
- આડાઅવળા અક્ષરો બરાબર ગોઠવી સાચા શબ્દો લખો.
- નમૂના પ્રમાણે શબ્દો બનાવો અને લખો.
- સરખા અક્ષર જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૩૬થી ૪૩)

## ફેબ્રુઆરી

- 'ઓ' અને 'ઔ'ની સમજ, વાંચન અને લેખન
- કાનો માત્રાવાળા અને કાનો બે માત્રાવાળા શબ્દોનું વાંચન અને લેખન
- વાક્યોનું વાંચન અને લેખન • શબ્દોનું શ્રુતલેખન

- ચિત્રો જુઓ, વાંચો અને લખો. • તીરની દિશામાં વાંચીને શબ્દો બનાવો.
- ચિત્ર ઓળખી ખાનાં પૂરો.
- ચિત્ર જોઈ શબ્દ બનાવો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતો શબ્દ શોધી [√] કરો.
- શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.
- ચિત્ર જોઈ શબ્દો બનાવો અને લખો.
- ☐માં લખેલા અક્ષર જેવો અક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ખાલી જગ્યામાં ખૂટતા અક્ષર લખો. • આડાંઊભાં ખાનાં પૂરો.
- આડાઅવળા અક્ષરો બરાબર ગોઠવી સાચા શબ્દો લખો.
- નમૂના પ્રમાણે શબ્દો બનાવો અને લખો.
- સરખા અક્ષર જોડો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૪૪થી ૫૧)

**માર્ચ**

- 'અં'ની સમજ, વાંચન અને લેખન • અનુસ્વારવાળા શબ્દોનું વાંચન અને લેખન
- પુનરાવર્તન ૨ • પૂરક વાચન
- આગળના અક્ષરોનું સંપૂર્ણ પુનરાવર્તન • જોડાક્ષરોની સમજ
- બારાખડીનું ક્રમમાં વાંચન • વાક્યોનું વાંચન અને લેખન
- શબ્દોનું શ્રુતલેખન • ચિત્રો જુઓ, વાંચો અને લખો.
- ચિત્ર ઓળખી ખાનાં પૂરો.
- ચિત્ર જોઈ શબ્દ બનાવો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતો શબ્દ શોધી [√] કરો.
- શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.
- ચિત્ર જોઈ શબ્દો બનાવો અને લખો.
- ☐માં લખેલા અક્ષર જેવો અક્ષર શોધી તેના ફરતે ◯ કરો.
- ખાલી જગ્યામાં ખૂટતા અક્ષર લખો. • આડાંઊભાં ખાનાં પૂરો.
- સરખા અક્ષર જોડો. • તીરની દિશામાં વાંચીને શબ્દો બનાવો.

(નવનીત ગુજરાતી વર્ણ-પરિચય : પાન નં. ૫૨થી ૬૪)

**એપ્રિલ**

**પુનરાવર્તન**

# ૨. ગણિત

## જૂન

- ૧થી ૫૦ સળંગ બોલવા.
- ૧થી ૧૦નું પુનરાવર્તન
- ચિત્રના આધારે ગણો અને લખો.
- ગણો અને જોડો.
- ગણો અને બંને બાજુ સરખાં ચિત્રો બનાવો.
- ક્રમ પ્રમાણે ટપકાં જોડો અને ચિત્રમાં રંગ પૂરો.
- ચિત્ર ગણો અને અંક ◯માં લખો.
- સરખા અંક જોડો.
- ૧૦નું જૂથ બનાવો.
- દર્શાવેલ રંગ પ્રમાણે ચિત્રમાં રંગ પૂરો.

(નવનીત અંકલેખન – ૧થી ૧૦૦ : પાન નં. ૩થી ૧૦)

## જુલાઈ

- ૧થી ૬૦ સળંગ બોલવા.
- ૧થી ૨૦નું પુનરાવર્તન
- ગણો અને સાચા અંક ફરતે ◯ કરો.
- સરખા અંક જોડો.
- ગણો અને □માં અંક લખો.
- ગણો અને □માં અંક લખો.
- ગણો અને સાચા અંક સાથે જોડો.
- ખૂટતા અંક લખો.
- ક્રમમાં અંક લખો.
- ઊંધા અંક લખો.
- ગણો અને ◯માં અંક લખો.
- ચિત્રો ગણો અને સાચા અંકો સાથે જોડો.
- દર્શાવેલ અંક પ્રમાણે ◯ / △ / □ દોરો.
- ખૂટતા અંક લખો.

(નવનીત અંકલેખન – ૧થી ૧૦૦ : પાન નં. ૧૧થી ૧૮)

## ઑગસ્ટ

- ૧થી ૬૦ સળંગ બોલવા.
- ૧થી ૫૦નું પુનરાવર્તન
- ક્રમમાં અંક લખો.
- ઊંધા અંક લખો.
- પહેલાંની સંખ્યા લખો.
- પછીની સંખ્યા લખો.
- વચ્ચેની સંખ્યા લખો.
- આપેલ અંકોની વચ્ચે આવતી સંખ્યા ઉપર ✓ કરો.
- આપેલ અંક પ્રમાણે ◯માં રંગ પૂરો.
- અંકોમાં આપેલી સંખ્યાઓને યોગ્ય રીતે જોડો.
- મણકા ગણો અને સાચા અંક ફરતે ◯ કરો.
- મણકા ગણો અને □માં અંક લખો.
- ૧થી ૫૦ : અંકમાં અને શબ્દોમાં વાંચો.

(નવનીત અંકલેખન – ૧થી ૧૦૦ : પાન નં. ૧૯થી ૩૦)

## સપ્ટેમ્બર

- ૧થી ૭૦ સળંગ બોલવા.
- ૫૧થી ૬૦ની ઓળખ, લેખન અને ગણતરી
- પુનરાવર્તન ૧
- ૫૧થી ૬૦ બોલો અને લખો.
- સંખ્યા લખો.
- ગણો અને □માં અંક લખો.
- મણકા ગણી અંક લખો.
- ક્રમ પ્રમાણે ટપકાં જોડો અને ચિત્રમાં રંગ પૂરો.
- વચ્ચેની સંખ્યા લખો. • ખૂટતા અંક લખો.
- પછીની સંખ્યા લખો. • પહેલાંની સંખ્યા લખો.

(નવનીત અંકલેખન – ૧થી ૧૦૦ : પાન નં. ૩૧થી ૩૬)

## ઑક્ટોબર

**પુનરાવર્તન**

## નવેમ્બર

- ૧થી ૮૦ સળંગ બોલવા.
- ૬૧થી ૭૦ની ઓળખ, લેખન અને ગણતરી
- ૬૧થી ૭૦ બોલો અને લખો.
- સંખ્યા લખો.
- ગણો અને ☐ માં અંક લખો.
- મણકા ગણી અંક લખો.
- ક્રમ પ્રમાણે ટપકાં જોડો અને ચિત્રમાં રંગ પૂરો.
- વચ્ચેની સંખ્યા લખો.
- ખૂટતા અંક લખો.
- પછીની સંખ્યા લખો.
- પહેલાંની સંખ્યા લખો.

(નવનીત અંકલેખન – ૧થી ૧૦૦ : પાન નં. ૩૭થી ૪૦)

## ડિસેમ્બર

- ૧થી ૯૦ સળંગ બોલવા.
- ૭૧થી ૮૦ની ઓળખ, લેખન અને ગણતરી
- ૮૧થી ૯૦ની ઓળખ, લેખન અને ગણતરી
- ૭૧થી ૯૦ બોલો અને લખો.
- સંખ્યા લખો.
- ગણો અને ☐ માં અંક લખો.
- મણકા ગણી અંક લખો.
- ક્રમ પ્રમાણે ટપકાં જોડો અને ચિત્રમાં રંગ પૂરો.
- વચ્ચેની સંખ્યા લખો.
- ખૂટતા અંક લખો.
- પછીની સંખ્યા લખો.
- પહેલાંની સંખ્યા લખો.

(નવનીત અંકલેખન – ૧થી ૧૦૦ : પાન નં. ૪૧થી ૪૮)

## જાન્યુઆરી

- ૧થી ૧૦૦ સળંગ બોલવા.
- ૯૧થી ૧૦૦ની ઓળખ, લેખન અને ગણતરી
- ૯૧થી ૧૦૦ બોલો અને લખો. • સંખ્યા લખો.
- ગણો અને ☐માં અંક લખો.
- મણકા ગણી અંક લખો.
- ક્રમ પ્રમાણે ટપકાં જોડો અને ચિત્રમાં રંગ પૂરો.
- વચ્ચેની સંખ્યા લખો.
- ખૂટતા અંક લખો.
- પછીની સંખ્યા લખો.
- પહેલાંની સંખ્યા લખો.

(નવનીત અંકલેખન – ૧થી ૧૦૦ : પાન નં. ૪૯થી ૫૨)

## ફેબ્રુઆરી

- ૧થી ૧૦૦ સળંગ બોલવા.
- ક્રમમાં અંક લખો.
- ઊંધા અંક લખો.
- સાચા અંક ફરતે ◯ કરો.
- સંખ્યા લખો.
- ગણો અને ☐માં અંક લખો.
- મણકા ગણી અંક લખો.
- ક્રમ પ્રમાણે ટપકાં જોડો અને ચિત્રમાં રંગ પૂરો.
- વચ્ચેની સંખ્યા લખો.
- ખૂટતા અંક લખો.
- પછીની સંખ્યા લખો.
- પહેલાંની સંખ્યા લખો.

(નવનીત અંકલેખન – ૧થી ૧૦૦ : પાન નં. ૫૩થી ૬૧)

## માર્ચ

- ૧થી ૧૦૦ સળંગ બોલવા.
- પુનરાવર્તન ૨

- ૧થી ૧૦૦નું સંપૂર્ણ પુનરાવર્તન
- ક્રમમાં અંક લખો.
- ઊંધા અંક લખો.
- ૧થી ૧૦૦ બોલો અને લખો.
- ખૂટતા અંક લખો.
- સાચા અંક ફરતે ◯ કરો.
- મણકા ગણો અને □માં અંક લખો.
- આપેલ અંકોની વચ્ચે આવતી સંખ્યા ઉપર ✓ કરો.
- સંખ્યા લખો.
- પછીની સંખ્યા લખો.
- પહેલાંની સંખ્યા લખો.
- વચ્ચેની સંખ્યા લખો.
- ૧થી ૧૦૦ : અંકમાં અને શબ્દોમાં વાંચો.
  (નવનીત અંકલેખન – ૧થી ૧૦૦ : પાન નં. ૬૨થી ૭૨)

**એપ્રિલ**

**પુનરાવર્તન**

# ૩. સામાન્ય જ્ઞાન

**જૂન**

**૧. આપણા શરીરનાં અંગો**

- શરીરનાં અંગો, તેમનાં કાર્યો અને સ્વચ્છતા વિશે વાતચીત કરવી.
- દૈનિક ક્રિયાના ક્રમ મુજબ તેની ચર્ચા કરવી.

**૨. પ્રાણીઓ**

- પાલતુ, જંગલી, વજન ઊંચકતાં, નહોરવાળાં, ઘાસ ખાતાં, શિંગડાંવાળાં પ્રાણીઓની ચર્ચા કરવી.

**૩. ફળો**

- ખાટા સ્વાદવાળાં, માવાવાળાં, રસ (જૂસ) કાઢી શકાય તેવાં, બીજવાળાં ફળોની ચર્ચા કરવી.

**૪. શાકભાજી**

- જમીનની અંદર, છોડ ઉપર, વેલા ઉપર ઊગતાં શાકભાજીની ચર્ચા કરવી.
  (નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૪થી ૭)

**જુલાઈ**

*** પ્રવૃત્તિઓ : ૧**

**૫. સમાજસેવકો**

- સમાજસેવકો વિશે વાતચીત કરવી.

**૬. શિષ્ટાચાર**

- ઘરમાં ભાઈ-બહેન, અન્ય મિત્રો સાથે કેવી રીતે રહેવું તેની ચર્ચા કરવી.
- થૅન્ક યૂ, વેલકમ, સૉરિ, પ્લીઝ જેવા શિષ્ટાચારના શબ્દો શીખવવા.

**૭. મદદ**

- ઘરમાં નાનાં-મોટાં કામમાં મમ્મીને મદદ કરવી. પોતાની વસ્તુઓ યોગ્ય જગ્યા ઉપર મૂકવી વગેરે વિશે ચર્ચા કરવી.

*** પ્રવૃત્તિઓ : ૨**

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૮થી ૧૮)

**ઑગસ્ટ**

**૮. હવા**

- હવા વિશે વાતચીત કરવી.

**૯. પાણી**

- પાણીનાં પ્રાપ્તિસ્થાનો, ઉપયોગો, તરતી-ડૂબતી તથા ઓગળતી વસ્તુઓ વિશે સમજ આપવી.

**૧૦. સજીવ-નિર્જીવ**

- સજીવ-નિર્જીવ વિશે સમજ આપવી.

*** પ્રવૃત્તિઓ : ૩**

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૧૯થી ૨૩)

**સપ્ટેમ્બર**

**૧૧. દૂધ**

- દૂધ આપતાં પ્રાણીઓ, દૂધ માપવાનાં સાધનો, દૂધની બનાવટો વગેરે વિશે ચર્ચા કરવી.

**૧૨. વનસ્પતિ**

- વનસ્પતિના પ્રકાર, ભાગ અને ઉપયોગ વિશે ચર્ચા કરવી.

**૧૩. અનાજ**

- અનાજનાં નામ, અનાજમાંથી બનતી વાનગીઓ વગેરેની ચર્ચા કરવી.

*** પ્રવૃત્તિઓ : ૪** *** પુનરાવર્તન ૧**

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૨૪થી ૩૧)

**ઑક્ટોબર**

**પુનરાવર્તન**

**નવેમ્બર**

**૧૪. તેલીબિયાં**

- તેલીબિયાંનાં નામ તેમાંથી મળતાં તેલની સમજ આપવી.

**૧૫. ટ્રાફિકના નિયમો**

- ટ્રાફિક સિગ્નલ્સ, ટ્રાફિકના નિયમો વગેરેની સમજ આપવી.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૩૨ – ૩૩)

## ડિસેમ્બર

**૧૬. સલામતી**

- સલામતી અંગે ચર્ચા કરવી.

*** પ્રવૃત્તિઓ : ૫**

**૧૭. રમતો**

- મેદાનમાં રમાતી રમતો અને ઘરમાં રમાતી રમતો વિશે સમજ આપવી.

**૧૮. તહેવારો**

- તહેવારો વિશે ચર્ચા કરવી.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૩૪થી ૩૯)

## જાન્યુઆરી

**૧૯. પ્રાર્થનાસ્થળો**

- અલગ અલગ ધર્મનાં લોકોનાં પ્રાર્થનાસ્થળો વિશે સમજ આપવી.

*** પ્રવૃત્તિઓ : ૬**

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૪૦થી ૪૪)

## ફેબ્રુઆરી

**૨૦. સાથીદારો**

- એકબીજા સાથે જોડાયેલ વસ્તુઓની સમજ આપવી.

**૨૧. તોલમાપ**

- વિવિધ તોલમાપ અને તેને વાપરનાર વ્યક્તિ વિશે સમજ આપવી.

**૨૨. જાહેર સ્થળો**

- રેલવે સ્ટેશન, પોસ્ટ-ઑફિસ, બસ-સ્ટૅન્ડ, શાળા, દવાખાનું, ફાયર સ્ટેશન વિશે વિસ્તૃત ચર્ચા કરવી.

**૨૩. રાષ્ટ્રીય પ્રતીકો**

- આપણાં રાષ્ટ્રીય પ્રતીકો વિશે સમજ આપવી.

*** પ્રવૃત્તિઓ : ૭**

**૨૪. બાળવાર્તાઓ**

- ચિત્રોના આધારે બાળવાર્તાઓ કહેવી.

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૪૫થી ૫૪)

**માર્ચ**

**૨૫. કુદરત**

- કુદરતે બનાવેલ વસ્તુઓ અને માણસે બનાવેલ વસ્તુઓની સમજ આપવી.

**૨૬. વસ્તુઓની બનાવટ**

- કઈ વસ્તુ શામાંથી બનેલી છે? તે અંગે ચર્ચા કરવી.

**૨૭. જાતિ**

- પુરુષ જાતિ અને સ્ત્રી જાતિ વિશે સમજ આપવી.

*** પ્રવૃત્તિઓ : ૮ * પુનરાવર્તન ૨**

(નવનીત સામાન્ય જ્ઞાન : પાન નં. ૫૫થી ૬૪)

**એપ્રિલ**

**પુનરાવર્તન**

# ૪. અંગ્રેજી

## જૂન

- Good morning, Good afternoon, Good evening, Good night, Thank you, Sorry, Please વગેરે શબ્દોનો મૌખિક ઉપયોગ શીખવવો.
- Aથી Z બોલો.
- 1થી 20 બોલો.
- Aથી C(કૅપિટલ અને સ્મૉલ)ની ઓળખ, વાંચન અને લેખન
- 1થી 6ની ઓળખ, વાંચન અને લેખન
- કૅપિટલ મૂળાક્ષરને તેના નાના મૂળાક્ષર સાથે જોડો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર ફરતે ◯ કરો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- ☐માં આપેલ મૂળાક્ષરો / નંબર (અંક) શોધો અને તેના ફરતે ◯ કરો.
- સરખા નંબર (અંક) જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર / નંબર (અંક) પર × કરો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો ફરતે ◯ કરો.
- ક્રમમાં મૂળાક્ષર લખો.
- સરખા શબ્દો જોડો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતા ચિત્ર પાસેના ◯માં રંગ પૂરો.
- ચિત્ર ઓળખી ☐માં તેનો પહેલો નાનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ચિત્ર ઓળખી સાચો શબ્દ ☑ કરો.
- a, b, c ક્રમમાં શબ્દો લખો.
- ☐માં મૂળાક્ષરો લખી 2 જુદા શબ્દો બનાવો.
- ગણો અને સાચા નંબર (અંક) ફરતે ◯ કરો.
- દરેક નંબર સાચા સેટ (ચિત્રો) સાથે જોડો.

- ખૂટતા નંબર લખો. • ગણો, બોલો અને ☐માં લખો.
- ગુજરાતી નંબર (અંક) સામે અંગ્રેજી નંબર (અંક) લખો.
  [Navneet Alphabet (Capital – Small Letters) & Numbers (1 to 50) : પાન નં. 2થી 4, 36થી 38]

## જુલાઈ

- Aથી Z બોલો. • 1થી 20 બોલો.
- Dથી F(કૅપિટલ અને સ્મૉલ)ની ઓળખ, વાંચન અને લેખન
- 7થી 12ની ઓળખ, વાંચન અને લેખન
- કૅપિટલ મૂળાક્ષરને તેના નાના મૂળાક્ષર સાથે જોડો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર ફરતે ◯ કરો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- ☐માં આપેલ મૂળાક્ષરો / નંબર (અંક) શોધો અને તેના ફરતે ◯ કરો.
- સરખા નંબર (અંક) જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર / નંબર (અંક) પર × કરો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો ફરતે ◯ કરો.
- ક્રમમાં મૂળાક્ષર લખો.
- સરખા શબ્દો જોડો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતા ચિત્ર પાસેના ◯માં રંગ પૂરો.
- ચિત્ર ઓળખી ☐માં તેનો પહેલો નાનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ચિત્ર ઓળખી સાચો શબ્દ ☑ કરો.
- a, b, c ક્રમમાં શબ્દો લખો.
- ☐માં મૂળાક્ષરો લખી 2 જુદા શબ્દો બનાવો.
- ગણો અને સાચા નંબર (અંક) ફરતે ◯ કરો.
- દરેક નંબર સાચા સેટ (ચિત્રો) સાથે જોડો.
- ખૂટતા નંબર લખો. • ગણો, બોલો અને ☐માં લખો.
- ગુજરાતી નંબર (અંક) સામે અંગ્રેજી નંબર (અંક) લખો.

[Navneet Alphabet (Capital – Small Letters) & Numbers (1 to 50) : પાન નં. 5થી 7, 39થી 41]

## ઑગસ્ટ

- Aથી Z બોલો. • 1થી 30 બોલો.
- Gથી I(કૅપિટલ અને સ્મૉલ)ની ઓળખ, વાંચન અને લેખન
- 13થી 18ની ઓળખ, વાંચન અને લેખન
- કૅપિટલ મૂળાક્ષરને તેના નાના મૂળાક્ષર સાથે જોડો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર ફરતે ◯ કરો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- ☐માં આપેલ મૂળાક્ષરો / નંબર (અંક) શોધો અને તેના ફરતે ◯ કરો.
- સરખા નંબર (અંક) જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર / નંબર (અંક) પર × કરો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો ફરતે ◯ કરો.
- ક્રમમાં મૂળાક્ષર લખો.
- સરખા શબ્દો જોડો. • ખૂટતા મૂળાક્ષર / નંબર (અંક) લખો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતા ચિત્ર પાસેના ◯માં રંગ પૂરો.
- ચિત્ર ઓળખી ☐માં તેનો પહેલો નાનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ચિત્ર ઓળખી સાચો શબ્દ ☑ કરો.
- a, b, c ક્રમમાં શબ્દો લખો.
- ☐માં મૂળાક્ષરો લખી 2 જુદા શબ્દો બનાવો.
- ગણો અને સાચા નંબર (અંક) ફરતે ◯ કરો.
- દરેક નંબર સાચા સેટ (ચિત્રો) સાથે જોડો.
- ખૂટતા નંબર લખો. • ગણો, બોલો અને ☐માં લખો.
- ગુજરાતી નંબર (અંક) સામે અંગ્રેજી નંબર (અંક) લખો.

[Navneet Alphabet (Capital – Small Letters) & Numbers (1 to 50) : પાન નં. 8થી 10, 42થી 44]

## સપ્ટેમ્બર

- Aથી Z બોલો. • 1થી 30 બોલો.
- Jથી L(કૅપિટલ અને સ્મૉલ)ની ઓળખ, વાંચન અને લેખન
- 19 અને 20ની ઓળખ, વાંચન અને લેખન
- ACTIVITIES (પ્રવૃત્તિઓ) 1 અને 3
- REVISION (પુનરાવર્તન) 1

  [Navneet Alphabet (Capital – Small Letters) & Numbers (1 to 50) : પાન નં. 11થી 17, 45થી 47 અને 59થી 61]

## ઑક્ટોબર

**પુનરાવર્તન**

## નવેમ્બર

- Aથી Z બોલો. • 1થી 40 બોલો.
- Mથી O(કૅપિટલ અને સ્મૉલ)ની ઓળખ, વાંચન અને લેખન
- 21 અને 22ની ઓળખ, વાંચન અને લેખન
- A NEW LOOK AT NUMBERS
- કૅપિટલ મૂળાક્ષરને તેના નાના મૂળાક્ષર સાથે જોડો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર ફરતે ◯ કરો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- ☐માં આપેલ મૂળાક્ષરો / નંબર (અંક) શોધો અને તેના ફરતે ◯ કરો.
- હરોળમાં જુદા મૂળાક્ષર / નંબર (અંક) પર × કરો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો ફરતે ◯ કરો.
- ક્રમમાં મૂળાક્ષર લખો. • સરખા નંબર (અંક) જોડો.
- સરખા શબ્દો જોડો. • ગણો, બોલો અને ☐માં લખો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતા ચિત્ર પાસેના ◯માં રંગ પૂરો.
- ચિત્ર ઓળખી ☐માં તેનો પહેલો નાનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષર લખો. • ખૂટતા નંબર (અંક) લખો.
- ચિત્ર ઓળખી સાચો શબ્દ ☑ કરો. • a, b, c ક્રમમાં શબ્દો લખો.
- ☐માં મૂળાક્ષરો લખી 2 જુદા શબ્દો બનાવો.

- દરેક સેટ (ચિત્રો) તેના નંબર (અંક) સાથે જોડો.
  [Navneet Alphabet (Capital – Small Letters) & Numbers (1 to 50) : પાન નં. 18થી 20, 48થી 50]

## ડિસેમ્બર

- Aથી Z બોલો. • 1થી 40 બોલો.
- Pથી R(કૅપિટલ અને સ્મૉલ)ની ઓળખ, વાંચન અને લેખન
- 23 અને 24ની ઓળખ, વાંચન અને લેખન
- કૅપિટલ મૂળાક્ષરને તેના નાના મૂળાક્ષર સાથે જોડો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર ફરતે ◯ કરો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- ☐માં આપેલ મૂળાક્ષરો / નંબર (અંક) શોધો અને તેના ફરતે ◯ કરો.
- સરખા નંબર (અંક) જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર / નંબર (અંક) પર × કરો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો ફરતે ◯ કરો.
- ક્રમમાં મૂળાક્ષર લખો.
- સરખા શબ્દો જોડો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતા ચિત્ર પાસેના ◯માં રંગ પૂરો.
- ચિત્ર ઓળખી ☐માં તેનો પહેલો નાનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ચિત્ર ઓળખી સાચો શબ્દ ☑ કરો.
- a, b, c ક્રમમાં શબ્દો લખો.
- ☐માં મૂળાક્ષરો લખી 2 જુદા શબ્દો બનાવો.
- ગણો અને સાચા નંબર (અંક) ફરતે ◯ કરો.
- દરેક નંબર (અંક) સાચા સેટ (ચિત્રો) સાથે જોડો.
- ખૂટતા નંબર (અંક) લખો. • ગણો, બોલો અને ☐માં લખો.
- ગુજરાતી નંબર (અંક) સામે અંગ્રેજી નંબર (અંક) લખો.
- આપેલ શબ્દો કૅપિટલ મૂળાક્ષરોમાં લખો.
- આપેલ શબ્દો નાના મૂળાક્ષરોમાં લખો.

- સાચા નંબર ફરતે ◯ કરો.
- દરેક સેટ (ચિત્ર) સાચા નંબર (અંક) સાથે જોડો.

  [Navneet Alphabet (Capital – Small Letters) & Numbers (1 to 50) : પાન નં. 21થી 23, 51]

## જાન્યુઆરી

- Aથી Z બોલો. • 1થી 50 બોલો.
- Sથી U(કૅપિટલ અને સ્મૉલ)ની ઓળખ, વાંચન અને લેખન
- 25થી 30ની ઓળખ, વાંચન અને લેખન
- કૅપિટલ મૂળાક્ષરને તેના નાના મૂળાક્ષર સાથે જોડો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર ફરતે ◯ કરો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- ☐માં આપેલ મૂળાક્ષરો / નંબર (અંક) શોધો અને તેના ફરતે ◯ કરો.
- સરખા નંબર (અંક) જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર / નંબર (અંક) પર × કરો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતા ચિત્રો ફરતે ◯ કરો.
- ક્રમમાં મૂળાક્ષર લખો.
- સરખા શબ્દો જોડો. • ખૂટતા મૂળાક્ષર / નંબર (અંક) લખો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતા ચિત્ર પાસેના ◯માં રંગ પૂરો.
- ચિત્ર ઓળખી ☐માં તેનો પહેલો નાનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ચિત્ર ઓળખી સાચો શબ્દ ☑ કરો.
- a, b, c ક્રમમાં શબ્દો લખો.
- ☐માં મૂળાક્ષરો લખી 2 જુદા શબ્દો બનાવો.
- ગણો અને સાચા નંબર (અંક) ફરતે ◯ કરો.
- દરેક નંબર સાચા સેટ (ચિત્રો) સાથે જોડો.
- ખૂટતા નંબર લખો. • ગણો, બોલો અને ☐માં લખો.
- ગુજરાતી નંબર (અંક) સામે અંગ્રેજી નંબર (અંક) લખો.
- આપેલ શબ્દો કૅપિટલ મૂળાક્ષરોમાં લખો.

- આપેલ શબ્દો નાના મૂળાક્ષરોમાં લખો.
- સાચા નંબર ફરતે ◯ કરો.
- દરેક સેટ (ચિત્ર) સાચા નંબર (અંક) સાથે જોડો.

[Navneet Alphabet (Capital – Small Letters) & Numbers (1 to 50) : પાન નં. 24થી 26, 52થી 54]

**ફેબ્રુઆરી**

- Aથી Z બોલો. • 1થી 50 બોલો.
- Vથી X(કૅપિટલ અને સ્મૉલ)ની ઓળખ, વાંચન અને લેખન
- 31થી 40ની ઓળખ, વાંચન અને લેખન
- કૅપિટલ મૂળાક્ષરને તેના નાના મૂળાક્ષર સાથે જોડો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર ફરતે ◯ કરો.
- ચિત્ર ઓળખી તેના પહેલા મૂળાક્ષર સાથે જોડો.
- ▭માં આપેલ મૂળાક્ષરો / નંબર (અંક) શોધો અને તેના ફરતે ◯ કરો.
- સરખા નંબર (અંક) જોડો.
- હરોળમાં જુદા મૂળાક્ષર / નંબર (અંક) પર × કરો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતાં ચિત્રો ફરતે ◯ કરો.
- ક્રમમાં મૂળાક્ષર લખો.
- સરખા શબ્દો જોડો.
- આપેલ મૂળાક્ષરથી શરૂ થતા ચિત્ર પાસેના ◯માં રંગ પૂરો.
- ચિત્ર ઓળખી ☐માં તેનો પહેલો નાનો મૂળાક્ષર લખો.
- ખૂટતા મૂળાક્ષરો લખો.
- ચિત્ર ઓળખી સાચો શબ્દ ☑ કરો.
- a, b, c ક્રમમાં શબ્દો લખો.
- ☐માં મૂળાક્ષરો લખી 2 જુદા શબ્દો બનાવો.
- ગણો અને સાચા નંબર (અંક) ફરતે ◯ કરો.
- દરેક નંબર સાચા સેટ (ચિત્રો) સાથે જોડો.
- ખૂટતા નંબર લખો. • ગણો, બોલો અને ☐માં લખો.

- ગુજરાતી નંબર (અંક) સામે અંગ્રેજી નંબર (અંક) લખો.
- આપેલ શબ્દો કૅપિટલ મૂળાક્ષરોમાં લખો.
- આપેલ શબ્દો નાના મૂળાક્ષરોમાં લખો.
- સાચા નંબર ફરતે ◯ કરો.
- દરેક સેટ (ચિત્ર) સાચા નંબર (અંક) સાથે જોડો.

[Navneet Alphabet (Capital & Small Letters) & Numbers (1 to 50) : પાન નં. 27થી 29, 55]

**માર્ચ**

- Aથી Z બોલો.
- 1થી 50 બોલો.
- Y અને Z(કૅપિટલ અને સ્મૉલ)ની ઓળખ, વાંચન અને લેખન
- 41થી 50ની ઓળખ, વાંચન અને લેખન
- Aથી Z (કૅપિટલ અને સ્મૉલ) અને 1થી 50નું સંપૂર્ણ પુનરાવર્તન
- ACTIVITIES (પ્રવૃત્તિઓ) 2 અને 4
- REVISION (પુનરાવર્તન) 2



[Navneet Alphabet (Capital – Small Letters) & Numbers (1 to 50) : પાન નં. 30થી 35, 56થી 58 અને 62થી 64]

**એપ્રિલ**

**પુનરાવર્તન**

# ૫. ચિત્રકલા


**જૂન**

- મુક્ત ચિત્રકામ કરવા આપવું.
- આકારોની રચના અને ઓળખ
- સૂરજ  • બૉલ 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

- આપેલા આકારમાં રંગ પૂરો. (બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૨થી ૫)

**જુલાઈ**


- હોડી  • માછલી 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

- આપેલા આકાર / ચિત્રમાં રંગ પૂરો.

(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૬થી ૯)

**ઑગસ્ટ**


- ઘાસ  • ફૂલ 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

- આપેલા ચિત્રમાં રંગ પૂરો.

(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૧૦થી ૧૩)

**સપ્ટેમ્બર**

- પર્વત 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)


- આપેલા ચિત્રમાં રંગ પૂરો.

(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૧૪થી ૧૭)

## ઑક્ટોબર

**પુનરાવર્તન**

## નવેમ્બર


● ચકલી 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

● આપેલા ચિત્રમાં રંગ પૂરો.

(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૧૮થી ૨૦)

## ડિસેમ્બર


● સસલું 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

● આપેલા ચિત્રમાં રંગ પૂરો.

(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૨૧થી ૨૩)

## જાન્યુઆરી


● રાષ્ટ્રધ્વજ 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

● આપેલા ચિત્રમાં રંગ પૂરો.

(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૨૪થી ૨૬)

## ફેબ્રુઆરી


● જોકર 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

● આપેલા ચિત્રમાં રંગ પૂરો.

(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૨૭થી ૨૯)

## માર્ચ

- પતંગિયું 

(**નોંધ :** આ પ્રમાણે ચિત્ર દોરતાં શીખવી રંગ પૂરતાં શીખવવું.)

- આપેલા ચિત્રમાં રંગ પૂરો.

(બા. આ. કેતન ચિત્રકલા : પાન નં. ૩૦થી ૩૨)

## એપ્રિલ

**પુનરાવર્તન**

# ૬. રચનાત્મક પ્રવૃત્તિઓ

**જૂન**

- અંગૂઠાની છાપ
- આંગળાં રંગમાં બોળી ચિત્રકામ કરવું.

**જુલાઈ**

- ઘડીકામ : રૂમાલ
- હાથના પંજાની છાપ પાડવી

**ઑગસ્ટ**

- ઘડીકામ : કવર
- ચીટકકામ : રાખડી ચોંટાડવી
- છાપકામ : બટાકા, ડુંગળી, ભીંડા, કારેલાં, તૂરિયાં

**સપ્ટેમ્બર**

- સ્પ્રેકામ (બ્રશકામ)
- દોરીકામ
- દિવાળી કાર્ડ બનાવવું.

**ઑક્ટોબર**

**પુનરાવર્તન**

**નવેમ્બર**

- સ્પ્રેકામ (બ્રશકામ)
- ઘડીકામ : હોડી

**ડિસેમ્બર**

- રબિંગ કાગળ નીચે પૈસો, પીપળાનું, ચંપાનું કે કરેણનું પાન મૂકી ક્રેયોન આડો ઘસવો.
- ક્રિસમસ ટ્રી ચોંટાડવું.

**જાન્યુઆરી**

- ઘડીકામ : ફરકડી, પંખો
- પતંગ ચોંટાડવો.

**ફેબ્રુઆરી**

- ચીટકકામ : ટીકી, રેતી, અનાજના દાણા

**માર્ચ**

- કાતરકામ : જુદા જુદા આકાર કાપવા. જૂનાં મૅગેઝિનમાંથી ચિત્રો કાપવાં.

**એપ્રિલ**

**પુનરાવર્તન**

# ૭. બાળગીતો અને જોડકણાં

**જૂન**

- સ્તુતિ   ૧. પ્રાર્થના   ૨. ઉખાણાં

**જુલાઈ**

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૩. અમે ફોરાં વરસાદનાં ઝીલીએ રે !  ૪. ચાલો, ચાલો ને રમીએ હોડી હોડી
૫. તારે મેહુલિયા  ૬. સાગરમાં નાવ મારી સરરરર જાય  ૭. બાગ

**ઑગસ્ટ**

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૮. ચાંદામામા  ૯. મને પંખી નાનેરું થાવું ગમે
૧૦. પાંચ નાની ચકલીઓ  ૧૧. રમવાને આવો પોપટજી
૧૨. ઘોડાગાડી ઘોડાગાડી...  ૧૩. જંગલ કેરાં પ્રાણીઓ

**સપ્ટેમ્બર**

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૧૪. ફુગ્ગો  ૧૫. રમકડાંની ગાડી, ભાઈ! છુક છુક કરતી આવી
૧૬. અમે બાલવાડીમાં જઈને કે  ૧૭. પંડિત ચાલ્યા જાય છે...
૧૮. હું છું બાળક

**ઑક્ટોબર**

**પુનરાવર્તન**

**નવેમ્બર**

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૧૯. અમે બાલમંદિરે ભણીએ  ૨૦. સૌને ગમે
૨૧. મારે ધૂળની ઢગલીએ રમવું છે  ૨૨. ત્રણ ઋતુએ હું રીઝું !

**ડિસેમ્બર**

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૨૩. ઝરણું  ૨૪. રક્ષાબંધન  ૨૫. દિવાળી  ૨૬. હોળી
૨૭. કેવી મજાની ચકલી  ૨૮. કહેજો જી રામ રામ

**જાન્યુઆરી**

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૨૯. બંદા ૩૦. ભંભોલા ભંભોલા ૩૧. પગલાં ૩૨. મને ગમે છે રમવું દડે

૩૩. અરે ! કોઈ બોલશો ના

**ફેબ્રુઆરી**

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૩૪. ચકલી બોલાવે ૩૫. ડાહ્યાં ત્રણ વાંદરાં

૩૬. ખબરદાર હો ! હું સરદાર ! ૩૭. રે આપણે

૩૮. આગળ ડગલું ભરતો જા

**માર્ચ**

- આગળનાં ગીતોનું પુનરાવર્તન

૩૯. અંતર મંતર

૪૦. પતંગ ૪૧. બા ! પેલા બાગ મહીં દોડતો રે જાઉં

**એપ્રિલ**

**પુનરાવર્તન**

# ૮. રમત

**જૂન**

- એન ઘેન દીવા ઘેન
- ધમાલ ધોકો

**જુલાઈ**

- કૅપ્ટન-કૅપ્ટન સાઈન બદલ
- પાસિંગ બૉલ

**ઑગસ્ટ**

- માટલું ફોડ
- મૂર્તિ

**સપ્ટેમ્બર**

- સાદી દોડ
- રૂમાલ પકડ

**ઑક્ટોબર**

**પુનરાવર્તન**

**નવેમ્બર**

- સંગીત ખુરશી
- બટાકા રેસ

**ડિસેમ્બર**

- લીંબુ ચમચો
- વિઘ્ન દોડ

**જાન્યુઆરી**

- સોયદોરો પરોવવો
- લોટ ફૂંક

**ફેબ્રુઆરી**

- સંગીત ખુરશી
- માટલું ફોડ

**માર્ચ**

- પગથિયાં
- પાસિંગ બૉલ

**એપ્રિલ**

**પુનરાવર્તન**

## ☞ તહેવારો અંગે સમજ ☜

| ધાર્મિક તહેવારો | |
|---|---|
| રથયાત્રા | દિવાળી |
| ગોરમા | ઉત્તરાયણ |
| રક્ષાબંધન | શિવરાત્રી |
| જન્માષ્ટમી | હોળી-ધુળેટી |
| સંવત્સરી | ઈદ |
| ગણેશચતુર્થી | મહોરમ |
| નવરાત્રી / દશેરા | પતેતી |
| શરદપૂનમ | નાતાલ |

| રાષ્ટ્રીય તહેવારો | |
|---|---|
| પ્રજાસત્તાકદિન | ૨૬ જાન્યુઆરી |
| સ્વાતંત્ર્યદિન | ૧૫ ઑગસ્ટ |
| શિક્ષકદિન | ૫ સપ્ટેમ્બર |
| ગાંધીજયંતિ | ૨ ઑક્ટોબર |
| સરદાર પટેલ જયંતિ | ૩૧ ઑક્ટોબર |
| બાલદિન | ૧૪ નવેમ્બર |

## ☞ ઈતર પ્રવૃત્તિ / હરીફાઈનું આયોજન ☜

- **જુલાઈ** – સંગીત ખુરશી
- **ઑગસ્ટ** – ચિત્ર
- **સપ્ટેમ્બર** – ગીત
- **ઑક્ટોબર** – વેશભૂષા
- **નવેમ્બર** – સ્મરણ શક્તિ
- **ડિસેમ્બર** – લીંબુ ચમચો
- **જાન્યુઆરી** – વાર્તા
- **ફેબ્રુઆરી** – શબ્દ-રમત
- **માર્ચ** – સુલેખન

## ☞ સમય-પત્રક ☜

| સમય | પ્રવૃત્તિ | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|---|
| ૩૦ મિનિટ | પ્રાર્થના હાજરી બાળગીત | — | — | — | — | — | — |
| ૨૦ મિનિટ | મૌખિક | ભાષા | ગણિત | ભાષા | ગણિત | ભાષા | અંગ્રેજી |
| ૩૦ મિનિટ | લેખન | ભાષા | ગણિત | ભાષા | ગણિત | ભાષા | અંગ્રેજી |
| ૨૦ મિનિટ | નાસ્તો | — | — | — | — | — | — |
| ૨૦ મિનિટ | સામાન્ય જ્ઞાન | — | — | — | — | — | — |
| ૪૦ મિનિટ | મુખ્ય પ્રવૃત્તિ | વર્ગ બહારની રમત | અંગ્રેજી | રચનાત્મક પ્રવૃત્તિ | વર્ગ અંદરની રમત | ચિત્રકામ | કસરત યોગ |
| ૨૦ મિનિટ | વાર્તા | — | — | — | — | — | — |

**Published by** Navneet Education Limited, Dantali, Gujarat.
**Printed by** Navneet Education Limited, Dantali, Gujarat. **CTP**

# NOTES

NOTES

**NOTES**

# NOTES